નશામાં ધૂત ફાઈનાન્સરે ફોર્ચ્યુનરથી સિગ્નલ પર ઊભેલી 3 કારને ઉડાવી

ખટોદરાના ઓલિવ સર્કલ પાસે ધડાકાભેર અથડાયેલી કારોના બોનેટ હવામાં ફંગોળાઈ ખૂલી ગયા

મુસાફરોનો આબાદ બચાવ, લોકોએ ઘેરી પોલીસને સોંપ્યો, અગાઉ ઉમરા અને કડોદરા પોલીસ મથકે ગુનાઈત ઈતિહાસ ધરાવતો વિવાદિત ફાઈનાન્સર ઉમેન્દ્રસિંહ રાઠોડ ફરી જેલભેગો

સુરતઃ શહેરના પોશ ગણાતા ઓલિવ સર્કલ પાસે દારૂના નશામાં ચૂર એક વિવાદિત ફાઈનાન્સરે પોતાની પૂરપાટ ઝડપે લક્ઝુરિયસ ફોર્ચ્યુનર કાર વડે એક પછી એક એમ ત્રણ ગાડીઓને જોરદાર ટક્કર મારી ગમખ્વાર અકસ્માત સર્જ્યો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે કારોના ફૂરચે-ફૂરચા ઊડી ગયા હતા. જો કે, સદનસીબે મુસાફરોનો બચાવ થયો હતો. રોષે ભરાયેલા સ્થાનિકોએ નશાખોર ફાઈનાન્સરને ઘટનાસ્થળે જ પકડી પાડી પોલીસના હવાલે કર્યો હતો.

પ્રત્યક્ષદર્શીઓ પાસેથી મળતી વિગત મુજબ, ફાઈનાન્સર ઉમેન્દ્રસિંહ જયમંગલસિંહ રાઠોડ (ઉં.વ.૪૩, રહે., પ્રતિષ્ઠા એપાર્ટમેન્ટ, પ્રગતિ નગર, વેસુ, પિપલોદ) ફોર્ચ્યુનર કાર લઈને રવિવારના રોજ ઓલિવ સર્કલ પાસેથી પસાર થઈ રહ્યો હતો. કારની ગતિ એટલી પ્રચંડ હતી કે આગળ જઈ રહેલી ત્રણ કાર સાથે તે ધડાકાભેર અથડાઈ હતી. ટક્કર વાગતા જ ગાડીઓ રમકડાની જેમ એકબીજા સાથે ભટકાઈ પડી હતી અને બે ગાડીઓના બોનેટ હવામાં ફંગોળાઈ ગયા હતા. અકસ્માતનો પ્રચંડ અવાજ સાંભળી આસપાસથી લોકો દોડી આવ્યા હતા. લોકોએ જ્યારે ફોર્ચ્યુનર કાર પાસે જઈને જોયું તો ડ્રાઈવિંગ સીટ પર બેઠેલો ઉમેન્દ્રસિંહ રાઠોડ સખત દારૂ પીધેલી હાલતમાં હતો અને ભાન ગુમાવી બેઠો હતો. અકસ્માત બાદ પણ તેના ચહેરા પર કોઈ પસ્તાવો નહોતો અને તે કારમાં બેઠા બેઠા જ ફોન પર વાત કરવાનો નાટક કરી રહ્યો હતો.

ગાડી હટાવવા આવેલા મળતિયાઓને જનતાએ આડે હાથ લીધા

અકસ્માતની ગણતરીની મિનિટોમાં જ આરોપી ફાઈનાન્સરને બચાવવા માટે તેના કેટલાક મળતિયાઓ અન્ય લક્ઝરી કારો લઈને ઘટનાસ્થળે ધસી આવ્યા હતા. તેઓએ પોલીસની હાજરી હોવા છતાં કાયદો હાથમાં લઈ અકસ્માત સર્જનાર ફોર્ચ્યુનર કારને ત્યાંથી ભગાડવાનો પ્રયાસ કર્યો હતો. આ જોતાં જ સ્થાનિક લોકોનો પિત્તો ગયો હતો. ઉશ્કેરાયેલા ટોળાએ મળતિયાઓને ઘેરી લઈને ભારે શાન ઠેકાણે લાવી દીધી હતી.

લોકોએ વિડીયો પુરાવા આપતાં ખટોદરા પોલીસે ગુનો નોંધ્યો

લોકોએ કાયદો હાથમાં લેવાને બદલે ભારે સમજદારી દાખવી હતી. નશામાં ધૂત ફાઈનાન્સરના શરમજનક ડ્રામાનો લોકોએ મોબાઈલમાં વિડીયો ઉતારી લીધો હતો, જે સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. સ્થાનિકોએ વિડીયો પોલીસને આપ્યા હતા. પોલીસે ઉમેન્દ્રસિંહ રાઠોડની અટકાયત કરી તેની સામે 'ડ્રિંક એન્ડ ડ્રાઇવ' તેમજ બેફામ ડ્રાઈવિંગ કરી અકસ્માત સર્જવા બદલ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ડાકોર દર્શન કરી પરત ફરતા અકસ્માત થયો

અલથાણ ખોડલ બંગ્લોઝમાં રહેતા અને કાપડ વ્યવસાય સાથે સંકળાયેલા નિલેશ બિપિનભાઈ દિવેટીયા (ઉં.વ.૫૦) તેમના પત્ની ધર્મિષ્ઠાબેન અને માતા જયશ્રીબેન સાથે સ્વિફ્ટ કાર લઈને ડાકોર દર્શન કરવા ગયા હતા. રાત્રિના આશરે ૯:૦૦ વાગ્યાના અરસામાં તેઓ સુરત પરત ફરી રહ્યા હતા, ત્યારે ઉધના-ગંભીર મગદલ્લા રોડ પર ઓલીવ સર્કલ પાસે ટ્રાફિક સિગ્નલ બંધ હોવાથી કાર ઊભી રાખી હતી. આ જ સમયે પાછળથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલી એક ફોર્ચ્યુનર કારના ચાલકે સ્વિફ્ટ કારને પાછળના ભાગે ધડાકાભેર ટક્કર મારી દીધી હતી. ફોર્ચ્યુનરની ટક્કર એટલી જોરદાર હતી કે નિલેશભાઈની સ્વિફ્ટ કાર આગળ ઊભેલી અલ્ટો સહિત બે કારસાથે ભટકાઈ હતી અને તમામ કારને કુલ્લે ₹૧,૫૦,૦૦૦નું ભારે નુકસાન થયું હતું. જેથી પોલીસે નિલેશભાઈની ફરિયાદ આધારે ગુનો નોંધી ફાઇનાન્સરની ધરપકડ કરી છે.

આરોપી ફાઈનાન્સરનો વિવાદો સાથે જૂનો નાતો

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, અકસ્માત સર્જનાર ફાઈનાન્સર ઉમેન્દ્રસિંહ રાઠોડ અગાઉ પણ અનેક વિવાદો અને ગુનાઓમાં સંડોવાયેલો છે. કડોદરા વિસ્તારમાં પણ તેની સામે ગંભીર ફરિયાદ નોંધાઈ ચૂકી છે. આ ઉપરાંત, આશરે એકાદ વર્ષ પહેલાં ઉમરા પોલીસ સ્ટેશનમાં એક કરોડોની કિંમતનો બંગલો પચાવી પાડવા અંગે પણ તેની સામે ગંભીર અરજી થઈ હતી, જેમાં પાછળથી સમાધાન થયું હતું.

પોલીસે પીદ્ધડને તત્કાલિક છોડી દીધો

પીએસઆઇ બી.જી નિરંજન જણાવ્યું હતું કે, અકસ્માત સર્જનાર જમીન દલાલીનું કામ કરે છે. જામીન આપ્યા બાદ આજે તેને નિવેદન નોંધવા માટે નોટિસ આપી છે. નિવેદન નોંધાવા આવશે ત્યારે ખબર પડશે કે ક્યાંથી આવ્યો હતો અને ક્રિમિનલ છે કે કેમ? પીધળ ઉમેન્દ્ર સિંહને તાત્કાલિક કેમ જામીન મુક્ત કરી દેવાયો. સામાન્ય માણસને 24 કલાક પોલીસ કસ્ટડીમાં રાખવામાં આવે. આ કાર્યવાહીથી ખટોદરા પોલીસ પણ શંકાના ડાયરામાં આવી છે.

મેલેરિયા વિરોધી માસઃ મનપા દ્વારા રેલી કાઢી જાગૃતિ અભિયાન

■ સુરત મહાનગરપાલિકાના રાંદેર અને ઉધના ઝોનમાં મેલેરિયા વિરોધ માસ નિમિત્તે જાગૃતિ અભિયાન હાથ ધરાયું હતું. આગામી ચોમાસાની મોસમને ધ્યાને લઈ આરોગ્ય વિભાગ દ્વારા રેલી કાઢવામાં આવી હતી. મોટી સંખ્યામાં રેલીમાં જોડાયેલા કર્મચારીઓએ વિસ્તારોમાં સફાઈ ઝુંબેશ પણ હાથ ધરી હતી. (તસવીર : સતીષ જાદવ)

અશાંતધારા મુદ્દે નેતાઓના ઈશારે અરજીઓ અટકાવાઈઃ વકીલ મંડળ

અશાંતધારા વિસ્તારમાં રહેતા હિન્દુના દીકરાને દીકરી આપવા કોઈ તૈયાર નથી

રાજકીય નેતાઓ પોતાના હોદ્દાઓનો દુરુપયોગ કરી વહીવટી તંત્ર પર દબાણ લાવે છે

સુરતઃ અશાંત વિસ્તાર તરીકે જાહેર કરાયેલા કોટવિસ્તારની મિલકત તબદીલીને લઈને ધ્રુવીકરણના નેજા હેઠળ પોલીસ પ્રસાશન, જિલ્લા વહીવટી તંત્ર તથા મહેસુલ વિભાગને કેટલાક રાજકીય નેતા આડે હાથ લઈને અશાંતધારાની અરજીઓ અટકાવી દીધી હોવાનાં ગંભીર આક્ષેપ સાથે સુરત જિલ્લા વકીલ મંડળે કલેક્ટર અને પોલીસ કમિશનરને એક આવેદનપત્ર સુપરત કરી મહેસુલ વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર ફાઈલો મંજૂર કરતા નથી જેનાથી સુરત શહેરની જનતા ત્રાહિમામ પોકારી ઉઠી હોવાની રજૂઆત કરી હતી.

સુરત જિલ્લા વકીલ મંડળનાં પ્રમુખ ઉદય પટેલના નેજા હેઠળ કલેક્ટરને કરાયેલી રજૂઆતમાં જણાવ્યું હતું કે ભારતીય બંધારણની અનુચ્છેદો ૧૪ (ઈ) મુજબ ભારતના નાગરિકોને ભારતદેશનાં કોઈપણ રાજ્યમાં કે શહેરોમાં રહેવાનો તથા વસવાટ કરવાનો મૂળભુત અધિકાર પ્રાપ્ત થયેલ છે પરંતુ આવા ગેરબંધારણીય મનસ્વી નિર્ણયોથી બંધારણીય અધિકારનો સરેઆમ ભંગ કરવામાં આવી રહ્યો છે. કેટલાક રાજકીય નેતાઓ સંકલનની મિટિંગ તથા લોક દરબારમાં વહીવટી તંત્રના અધિકારીઓને આડે હાથ લઈ અશાંતધારા કાયદાની જોગવાઈઓ મુજબ કામ કરતા અટકાવી રહ્યા હોવાનું માલુમ પડે છે.

મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારોમાં ૫થી ૬ ટકા હિન્દુ રહેતા હોય છે. તો તેમના કુટુંબમાં સંતાનોના લગ્ન કરાવવાના હોય તો ગીચતા ધરાવતા યાને કોટ વિસ્તારમાં કોઈ છોકરી આપતું નથી.

વિદેશમાં વસતાં મિલકત માલિકને ફરજિયાત મિલકત વેચાણ સિવાય અન્ય રસ્તો હોતો નથી. કેટલાક રાજકીય નેતાઓ લોકોમાં સારું બતાવવા તેમજ લાઈમલાઈટમાં રહેવા પોતાના હોદાઓનો દુરુપયોગ કરી વહીવટી તંત્ર પર દબાણ લાવે છે. અશાંતધારાની અરજીઓના ધ્રુવીકરણના માપદંડ, તેની સમયમર્યાદા તથા અરજીના યોગ્ય નિકાલ અંગે પોલીસ કમિશનર તથા નાયબ પોલીસ કમિશનર (સ્પેશિયલ શાખા) સાથે પરામર્શ કરી જાહેર જનતાને વધુ હાલાકી ના ભોગવવી પડે તે મુજબ જનતાના હિતમાં નિર્ણય કરવા વિનંતી કરી હતી.

ધ્રુવીકરણના મુદ્દે વકીલોએ કેટલાક સણસણતા પ્રશ્નો ઉઠાવ્યા

સુરતઃ સુરત જિલ્લા વકીલ મંડળે ધ્રુવીકરણના મુદ્દે કેટલાંક સણસણતાં પ્રશ્નો ઉઠાવ્યા હતા. જેમાં શું ધ્રુવીકરણ કોટવિસ્તારની તમામ મિલકતો પર લાગુ પડે છે? ધ્રુવીકરણના માપદંડ જાહેર કરો. છેલ્લાં નવેમ્બર-૨૦૨૫થી આશરે ૩૦૦-૪૦૦ હકારાત્મક અભિપ્રાય ધરાવતી ફાઈલો પણ નાયબ પોલીસ કમિશનર (સ્પેશિયલ શાખા) દ્વારા કોઈ સક્ષમ કારણ વગર અટકાવી રાખેલ છે અને તમામ અરજદારો તથા તેઓના નિયુક્ત વકીલોને ખોટી રીતે હેરાન કરવામાં આવી રહયા છીએ. રાજકીય ઘરોબો ધરાવતા અસામાજિક તત્વોની વાંધા અરજીઓ પર કેમ ધ્યાન આપવામાં આવે છે?

સંક્ષિપ્ત સમાચાર

નિષ્ણાત ડો.મનુ શર્મા દ્વારા સાંધા બદલવા માટે અદ્યતન રોબોટિક સિસ્ટમનો ઉપયોગ

સુરતઃ દક્ષિણ ગુજરાતમાં સાંધા બદલવાની સારવાર ક્ષેત્રે અગ્રણી નામ તરીકે ઓળખાતા વેસુ, વીઆઈપી રોડ પર સોલારિસ કોડમાં ધ ક્લિનિક નામથી સારવાર કરતાં અને 15,000થી વધુ સફળ સાંધા બદલવાની સર્જરીનો વિશાળ અનુભવ ધરાવતા ડો. મનુ શર્માએ જણાવ્યું હતું કે, અદ્યતન રોબોટિક સિસ્ટમ સર્જરી દરમિયાન સર્જનને તાત્કાલિક માર્ગદર્શન, વ્યક્તિગત સર્જિકલ આયોજન અને વધુ સચોટ કૃત્રિમ સાંધાની ગોઠવણીમાં મદદ કરે છે. ખાસ કરીને ગંભીર ઘૂંટણના દર્દીઓ માટે આ સારવાર અત્યંત લાભદાયી માનવામાં આવે છે. આજના સમયમાં ઘૂંટણ બદલવાની સારવાર માત્ર સર્જરી પૂરતી મર્યાદિત નથી, પરંતુ દર્દીને ફરીથી પીડામુક્ત, સક્રિય અને આત્મવિશ્વાસભર્યું જીવન આપવાનો પ્રયાસ છે.

સુરત ક્ષત્રિય સમાજનો અધિક માસમાં અન્નસેવાનો અનોખો યજ્ઞઃ મિષ્ટાન્ન ભોજન સેવા

સુરતઃ સુરતી ક્ષત્રિય સમાજ દ્વારા સંચાલિત એનઆરસી ચેરિટેબલ ટ્રસ્ટ ખાતે પવિત્ર અધિક માસના દર રવિવારે મિષ્ટાન્ન ભોજન પીરસવાની પરંપરા નિભાવવામાં આવી રહી છે. આ સેવા યજ્ઞના ભાગરૂપે રવિવારે શૈલેષભાઈ વખારિયા પરિવાર દ્વારા મિષ્ટાન્ન ભોજન સેવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ ભરત વાણાવાળાએ શૈલેષભાઈ વખારિયા તથા તેમના પરિવારજનોનું સ્વાગત કરી તેમની સેવાભાવનાને બિરદાવી હતી. ભોજન સેવામાં ઉપસ્થિત લોકોએ પ્રસાદરૂપે મિષ્ટાન્ન ભોજનનો લાભ લીધો હતો. અધિક માસ દરમિયાન સતત ચાલી રહેલી આ સેવા પ્રવૃત્તિ સમાજમાં એકતા, સેવા અને સંસ્કારના મૂલ્યોને વધુ મજબૂત બનાવી રહી છે.

માછી સમાજ પ્રીમિયર લીગ-5નો પ્રારંભઃ દીપક ઈજારદાર દ્વારા સાડી વિતરણ કરાયું

સુરતઃ કાંઠા વિભાગ માછી સમાજ ટ્રસ્ટ દ્વારા આયોજિત માછી સમાજ પ્રીમિયર લીગ-5 (NRK CUP)-2026નું ઉદ્ઘાટન રવિવારે સાંજે 7 વાગ્યે ભીમરાડ સ્થિત ગાંધી મેદાન ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં માછી સમાજના પ્રમુખ, મંત્રી, હોદ્દેદારો, ટ્રસ્ટી મંડળ, વિવિધ સમાજ ટ્રસ્ટોના પ્રમુખો, યુવાનો, વડીલો, મહિલાઓ, દીકરીઓ તેમજ દાતાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમારોહ દરમિયાન 65 મહિલાઓને દીપકભાઈ ઈજારદાર દ્વારા સાડીનું વિતરણ કરવામાં આવ્યું હતું અને ઉદ્ઘાટન સમારોહ બાદ તમામ મહેમાનો અને સમાજજનો માટે પ્રીતિભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

JEE એડ્વાન્સમાં દેશમાં ટોપ 2000માં આશાદીપના 21 વિદ્યાર્થી

સુરતઃ દેશની સૌથી પ્રતિષ્ઠિત અને પડકારજનક ઈજનેરી પ્રવેશ પરીક્ષા JEE એડવાન્સ 2026નું પરિણામ આજે જાહેર થયું છે. જેમાં આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલના કુલ 21 વિદ્યાર્થીઓએ સમગ્ર ભારતમાં ટોપ 2000 રેન્કમાં સ્થાન મેળવ્યું છે. આ વિદ્યાર્થીઓમાં વિશ્વ વાઘાણી (AIR 64), પલ ભીંગરાડિયા (AIR 220), સ્મિત વેકરિયા (AIR 448) કાવ્યા મોરડિયા (AIR 689 માનસ ઘેવરિયા (AIR 906) વ્રજ અંડાણી (AIR 968) દિગંત દુધાત (AIR 996) સ્મિત કાછડ (AIR 1038) કીર્તન વેકરિયા (AIR 1106) યુગ વઢોરિયા (AIR 1214) ચાર્વી ક્યાડા (AIR 1220) યુગ ધામેલિયા (AIR 1301) શ્રેયાંક કંઝારિયા (AIR 1412) અંશ ગોરસિયા (AIR 1425) જીત મોરે (AIR 1487) સુજલ કથીરિયા (AIR 1512) નંદાની છોટાલા (AIR 1523) પર્વ પટેલ (AIR 1574) રોમિત રાઠોડ (AIR 1655) ધર્મ સુહાગિયા (AIR 1668) ધ્રુવ ડોબરિયા (AIR 1740) આર્યન સોજીત્રા (AIR 1976)નો સમાવેશ થાય છે.

JEE એડ્વાન્સમાં વશિષ્ઠના 41થી વધુ વિદ્યાર્થીઓ સફળ, 5 વિદ્યાર્થી AIR 1000માં

સુરતઃ દેશની સૌથી પ્રતિષ્ઠિત અને પડકારજનક એન્જિનિયરિંગ પ્રવેશ પરીક્ષા JEE એડવાન્સ 2026ના પરિણામોમાં વશિષ્ઠ ગ્રુપ ઓફ સ્કૂલએ ફરી એકવાર પોતાની મજબૂત શૈક્ષણિક વ્યવસ્થાનો પરિચય આપ્યો છે. આ વર્ષે સંસ્થાના કુલ 66 વિદ્યાર્થીઓએ JEE એડવાન્સ પરીક્ષા આપી હતી, જેમાંથી 41થી વધુ વિદ્યાર્થીઓ IITમાં પ્રવેશ માટે ક્વોલિફાય થયા છે. 5થી વધુ વિદ્યાર્થીઓએ AIR 1000ની અંદર સ્થાન મેળવ્યું છે, જ્યારે 11થી વધુ વિદ્યાર્થીઓ AIR 1500ની અંદર અને 15થી વધુ વિદ્યાર્થીઓ AIR 2000ની અંદર સ્થાન મેળવવામાં સફળ રહ્યા છે. સ્કૂલના ટોચના વિદ્યાર્થીઓમાં વઘાસિયા કુન્જ રોહિતભાઈ (AIR 313), કનેરિયા તન્મય વિરેનભાઈ (AIR 418), પટેલ જશ બ્રિજેશ કુમાર (AIR 5710, પટેલ શર્મિલ રાજેશભાઈ (AIR 639), સુવાગીયા નૈશલ અશોકભાઈ (AIR 678)નો સમાવેશ થાય છે.

JEE એડ્વાન્સમાં જે.બી. એન્ડ કાર્પ વિદ્યા સંકુલના વિદ્યાર્થીઓનું ઉત્તમ પ્રદર્શન



સુરતઃ ભાવનગર જિલ્લા લેઉવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ સંચાલિત જે.બી. એન્ડ કાર્પ વિદ્યા સંકુલના ધો.12ના વિદ્યાર્થીઓએ JEE (Advance) પરીક્ષામાં ઉત્તમ પરિણામ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. શાળાના કુલ ચાર વિદ્યાર્થીઓએ JEE (Advance) ક્વોલિફાય કર્યું છે. વિદ્યાર્થી તિર્થ સોરઠિયાએ 167 માર્ક્સ સાથે શાળામાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. તેણે CRL રેન્ક 3470 તેમજ GEN EWS રેન્ક 405 પ્રાપ્ત થયો છે. ઉપરાંત વિવેક રાબડિયાએ CRL રેન્ક 7405, સિદ્ધાર્થ ડોંડાએ CRL રેન્ક 13841 અને ભવ્ય ગોલકિયાએ CRL રેન્ક 18661 પ્રાપ્ત કર્યા છે. વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ ટ્રસ્ટીગણ અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યાં હતાં.

કુરુક્ષેત્રની ભાગવત કથામાં કૃષ્ણજન્મ ઉજવાયોઃ ટ્રસ્ટને રૂ.2 લાખનું દાન મળ્યું

સુરત : શનિવારે કુરુક્ષેત્ર ભૂમિના તાપી તટે કથાકાર વિનોદભાઈ શાસ્ત્રીજી ભાવુક થવા સાથે યમુનાના સ્મરણે પહોંચ્યા હતા, જ્યારે બીજી બાજુ વરિયાવના ઈશ્વરભાઈ પટેલ પોતાના પૌત્ર વૃષાન્કને છાબમાં લઈને તાપી તટે આવ્યા ત્યારે યશોદા કો લાલો ભયો જય કનૈયાલાલકી 'માહોલ ગુંજી ઉઠ્યો હતો શનિવારની પોથી પૂજન અને આરતી સીમાબેન વ્યાસ, ચેતનાબેન વ્યાસ અને બ્રહ્મસમાજની મહિલાઓ જોડાઈ હતી. કથાના અંત ભાગમાં કુરુક્ષેત્ર ટ્રસ્ટને શંકરભાઈ નાથુભાઈ પટેલ તરફથી 99999 રૂપિયા અને મૂળ ઓલપાડ, દીહેણના નિવાસી રેલવેના નિવૃત્ત અધિકારી ભગુભાઈ ઈચ્છુભાઈ તરફથી એક લાખ રૂપિયાનું દાન આપ્યું હતું. આ પ્રસંગે મા અન્નપૂર્ણા ટ્રસ્ટના પ્રમુખ નીતિનભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

નાસીરનગર ડિમોલિશનઃ કોંગ્રેસની આગેવાનીમાં અસરગ્રસ્તનો મોરચો

મનપાએ નોટિસ વિના ઘર તોડી પાડ્યાનો આક્ષેપ, વૈકલ્પિક આવાસની માંગ સાથે બિલ્ડરોના હિતમાં કાર્યવાહી કરાયાનો પણ આરોપ

સુરત : સુરત મહાનગરપાલિકા દ્વારા બે દિવસ અગાઉ નાસીરનગર વિસ્તારમાં હાથ ધરાયેલી ડિમોલિશનની કાર્યવાહી હવે રાજકીય અને સામાજિક વિવાદનું કેન્દ્ર બની છે. સેન્ટ્રલ ઝોન દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે કરવામાં આવેલી કાર્યવાહીમાં અનેક પરિવારોના રહેણાંક મકાનો તોડી પાડવામાં આવ્યા બાદ અસરગ્રસ્ત પરિવારો અને કોંગ્રેસના આગેવાનો સોમવારે મનપા કચેરીએ પહોંચ્યા હતા અને ધરણા શરૂ કરીને વિરોધ નોંધાવ્યો હતો. અસરગ્રસ્ત રહીશોએ આક્ષેપ કર્યો હતો કે ડિમોલિશન પહેલાં તેમને પૂરતી પૂર્વ સૂચના આપવામાં આવી નહોતી. ઘણા પરિવારોને ઘરનો સામાન પણ સુરક્ષિત રીતે ખસેડવાનો સમય મળ્યો ન હોવાથી મહિલાઓ, બાળકો અને વૃદ્ધો સહિતના લોકો ભરઉનાળે ખુલ્લા આકાશ નીચે જીવન જીવવા મજબૂર બન્યા છે. હાલ તેઓ મનપા પાસે તાત્કાલિક વૈકલ્પિક આવાસની વ્યવસ્થા કરવાની માંગ કરી રહ્યા છે.

વિરોધ પ્રદર્શનમાં જોડાયેલા કોંગ્રેસના શહેર પ્રમુખ વિપુલ ઉધનાવાલા અને ઉપપ્રમુખ હરીશ સૂર્યવંશીની આગેવાની હેઠળના પ્રતિનિધિમંડળે આક્ષેપ કર્યો હતો કે મનપા અને પોલીસના અધિકારીઓએ યોગ્ય નોટિસ આપ્યા વિના જ બુલડોઝર ચલાવી ગેરકાયદેસર રીતે મકાનો તોડી પાડ્યા છે. તેમણે જણાવ્યું હતું કે મનપાના નિયમો અને ઠરાવ મુજબ ખાડી, નદી કે રોડ કિનારે વસવાટ કરતા સ્લમ વિસ્તારોના લોકોને પુનઃવસન હેઠળ વૈકલ્પિક રહેણાંક આપવામાં આવવું જોઈએ, પરંતુ નાસીરનગરના રહેવાસીઓને તે સુવિધા આપવામાં આવી નથી. કોંગ્રેસે વધુમાં દાવો કર્યો હતો કે વિકાસના નામે ગરીબ પરિવારોને બેઘર કરવામાં આવી રહ્યા છે. ચોમાસાની ઋતુ નજીક હોવા છતાં આ પ્રકારની કાર્યવાહી હાથ ધરવામાં આવતાં અનેક પરિવારો મુશ્કેલીમાં મુકાયા છે. વિરોધ પક્ષે બિલ્ડરોના હિતમાં જગ્યા ખાલી કરાવવાની કામગીરી થઈ રહી હોવાનો પણ આક્ષેપ કર્યો હતો. કોંગ્રેસના આગેવાનો અને અસરગ્રસ્ત પરિવારોની મુખ્ય માંગ છે કે વર્ષોથી અહીં વસવાટ કરતા પરિવારોને કાયદાકીય જોગવાઈઓ મુજબ વૈકલ્પિક આવાસ ફાળવવામાં આવે અને ડિમોલિશનની સમગ્ર કાર્યવાહી અંગે સ્પષ્ટતા કરવામાં આવે. મનપા કચેરીએ ધરણા દરમિયાન સૂત્રોચ્ચાર સાથે રજૂઆતો કરવામાં આવી હતી અને પ્રશ્નના ઉકેલ સુધી લડત ચાલુ રાખવાની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

મનપાના તમામ ઝોનમાં વ્યાપક ભ્રષ્ટાચાર, ખુદ કર્મચારીનો મોરચો

મનપાના અઠવા ઝોનમાં ફરજ બજાવતા કર્મચારીના આક્ષેપો, અરજી આપવા આવતાં માથાકૂટ પણ થઈ

સુરત : સુરત મહાનગરપાલિકાના વહીવટી તંત્ર સામે આ વખતે કોઈ રાજકીય પક્ષ કે સામાજિક કાર્યકર નહીં, પરંતુ મનપાના જ એક કર્મચારીએ મોરચો માંડતા ખળભળાટ મચી ગયો છે. અઠવા ઝોનમાં ફરજ બજાવતા અને કર્મચારી યુનિયન સાથે સંકળાયેલા આનંદ વિરાસે મનપાના વિવિધ વિભાગોમાં કથિત ભ્રષ્ટાચાર, હપ્તાખોરી અને અધિકારીઓની જોહુકમી ચાલતી હોવાના ગંભીર આક્ષેપો કર્યા છે.

આનંદ વિરાસે દાવો કર્યો છે કે મનપાના તમામ ઝોનમાં કથિત રીતે 'સેટિંગ' અને હપ્તાખોરીની પ્રથા ચાલી રહી છે અને જે કોઈ કર્મચારી કે વ્યક્તિ આ બાબતે અવાજ ઉઠાવે છે તેને વહીવટી રીતે હેરાનગતિનો સામનો કરવો પડે છે. તેમણે ખાસ કરીને મનપાના ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શન અને ઈ-વ્હીકલ પ્રોજેક્ટ અંગે પણ સવાલો ઉઠાવ્યા છે. તેમના આક્ષેપ મુજબ શહેરની જરૂરિયાત મુજબ જેટલા વાહનો કાર્યરત હોવા જોઈએ તેટલા મેદાનમાં જોવા મળતા નથી. કાગળ પર દર્શાવાતા અને વાસ્તવમાં કાર્યરત વાહનોની સંખ્યા વચ્ચે મોટો તફાવત હોવાનું તેમણે જણાવ્યું છે અને સમગ્ર મામલે તપાસની માંગ કરી છે.

આનંદ વિરાસે વધુમાં જણાવ્યું હતું કે તેમના પગારમાંથી થયેલી કપાત અંગે તેઓ મ્યુનિસિપલ કમિશનર અને વિજિલન્સ વિભાગ સુધી અનેક વખત લેખિત રજૂઆત કરી ચૂક્યા છે. તેમ છતાં સમસ્યાનો ઉકેલ ન આવતા તેઓએ ધરણાંની ચીમકી પણ ઉચ્ચારી હતી. આ મુદ્દે ખાતરી આપવામાં આવી હોવા છતાં તેનો અમલ થયો નથી એવો તેમનો આક્ષેપ છે. સોમવારે અરજી આપવા મનપાની કચેરીમાં પહોંચેલા આનંદ વિરાસનો કેટલાક કર્મચારીઓ સાથે વિવાદ થયો હતો. અરજી સ્વીકારવા મામલે જવાબદારી એકબીજા પર ઢોળવામાં આવતી હોવાનો અને રજૂઆત કરનાર સાથે ઉગ્ર વર્તન કરવામાં આવ્યું હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો. આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે.

છેતરપિંડી કેસમાં આરોપીની આગોતરા જામીન અરજી નામંજૂર

સુરતઃ સુરતમાં GST નંબર અને PAN કાર્ડનો દુરુપયોગ કરી કરોડોની છેતરપિંડીમાં કોર્ટે આરોપીની આગોતરા જામીન અરજી નામંજૂર કરી હતી. આરોપી રશીદ શેખ અબ્દુલ મંગાણી સામે સુરત ડીસીબી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. આરોપીઓએ 'આર. જે. એન્ટરપ્રાઈઝ' નામે બોગસ પેઢી બનાવી, અલગ-અલગ વેપારીઓ પાસેથી ૧,૯૮,૮૪,૪૭૩નો કાપડનો માલ મંગાવ્યો હતો. આ કૌભાંડમાં ફરિયાદીના GST નંબર અને PAN કાર્ડનો ગેરકાયદે ઉપયોગ કરાયો હતો. આરોપીઓએ ફરિયાદીના પાનકાર્ડમાં રાજેશ જેઠવાણી નામની વ્યક્તિનો ફોટો લગાવી ખોટો દસ્તાવેજ તૈયાર કર્યો હતો. ધરપકડથી બચવા આરોપીએ આગોતરા જામીન માંગ્યાં હતાં, જેની સામે સરકારી વકીલ સંતોષ ગોહિલે દલીલો કરી વિરોધ નોંધાવ્યો હતો. ગુનાની ગંભીરતાને ધ્યાને રાખી કોર્ટે જામીન અરજી નામંજૂર કરી છે.

ઉત્રાણ પોલીસે વિદેશી દારૂની હોમ ડિલિવરી કરતા ઈસમને દબોચ્યો

સુરતઃ મોટા વરાછા વિસ્તારમાં ઉત્રાણ પોલીસ મથકની ટીમે બાતમીના આધારે વોચ ગોઠવીને એક બુટલેગરને ઝડપી પાડ્યો છે. સુદામા ચોક પાસે રહેતો અને સિઝનેબલ સ્ટોર્સનો ધંધો કરતો મનીષ નાનુભાઈ ખેની (ઉં.વ.૪૩) મોપેડ પર વિદેશી દારૂની હોમ ડિલિવરી કરવા જઈ રહ્યો હતો ત્યારે પોલીસે તેને ઘરના પાર્કિંગમાં જ અટકાવ્યો હતો. તલાશી લેતા મોપેડમાંથી અલગ-અલગ બ્રાન્ડની રૂ.૧૨,૯૯૧ની દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે દારૂ, મોપેડ અને મોબાઈલ સહિત કુલ રૂ.૪૯,૯૯૧નો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી, દારૂના સ્ત્રોત અને ગ્રાહકોની શોધખોળ માટે મોબાઈલ કોલ ડિટેઈલ્સના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

મધરાતે કાકાને લોકેશન મોકલનાર આર્મી જવાનની લાશ મળી

શૈલેષ કળસાગરા ખાંભાથી કાકા-કાકીને મળવા સુરત આવ્યો હતો

મૃતદેહ પાસેથી કોઈ પદાર્થ મિક્સ કરેલી પાણીની બોટલ મળતાં આપઘાતની શંકા

સુરતઃ પુણાગામ વિસ્તારમાં ફરવા આવેલા અને આર્મીમાં ફરજ બજાવતા 29 વર્ષીય યુવકનું રહસ્યમય સંજોગોમાં મોત થતાં અનેક સવાલો ઊભા થયા છે. મૃતક જવાને રાત્રે જમવા જવાનું કહી ઘરેથી નીકળ્યા બાદ મધરાત્રીએ પોતાના કાકાને મોબાઇલ ફોન મારફતે લોકેશન મોકલ્યું હતું. જોકે, બીજા દિવસે સવારે કાકા તે સ્થળે પહોંચતા યુવક ખુલ્લી જગ્યામાં મૃત હાલતમાં મળી આવ્યો હતો.

મૂળ અમરેલીના ખાંભાના શૈલેષભાઈ ભુરાભાઈ કળસાગરા (29 વર્ષ) હાલમાં પુણાગામ સ્થિત કૃષ્ણનગર સોસાયટીના અમર એપાર્ટમેન્ટમાં રહેતા પોતાના કાકા-કાકીને મળવા તેમજ સુરત ફરવા આવ્યા હતા. તેઓ આર્મીમાં નોકરી કરતા હતા. ગઈ રાત્રે શૈલેષભાઈ જમવા જવાનું કહીને ઘરેથી નીકળ્યા હતા. ત્યારબાદ તેઓ પુણા વિસ્તારમાં આવેલી શુભમ એલિકેનની ખુલ્લી જગ્યામાં પહોંચ્યા હતા. મધરાત્રિના સમયે તેમણે પોતાના કાકાને મોબાઇલ પર લોકેશન મોકલ્યું હતું. જોકે, સવારે કાકાએ લોકેશન જોઈ તપાસ કરતાં સ્થળ પર પહોંચ્યા ત્યારે શૈલેષભાઈ મૃત હાલતમાં મળી આવ્યા હતા.

પોલીસને ઘટનાસ્થળેથી શંકાસ્પદ હાલતમાં એક પાણીની બોટલ પણ મળી આવી હતી. પ્રાથમિક તપાસમાં બોટલમાં કોઈ પદાર્થ મિશ્રિત હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. પોલીસે બોટલ કબજે કરીને ફોરેન્સિક તપાસ માટે એફએસએલમાં મોકલી આપી છે. પોસ્ટમોર્ટમ દરમિયાન વિવિધ સેમ્પલ લેવામાં આવ્યા છે, જેના રિપોર્ટ બાદ મોતનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે.